ગાંધીનગર સમાચાર

**મનપાની સામાન્ય સભા ૧૮મીએ મળશે**



શાકોત્સવ - સત્સંગ શિક્ષા પરિષદ, શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ, ગાંધીનગર દ્વારા મંગળવારે દિવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામિનારાયણ એન્જિનિયરીંગ કૉલેજ, ભાટ ખાતે યોજાયેલા દિવ્ય શાકોત્સવ પ્રસંગે સંતો - મહંતોના વરદહસ્તે 'શાકોત્સવ'નો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભાવિક ભક્તોને શાકોત્સવની પરંપરા વિશેની જાણકારી પણ આપવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# સ્વર્ણિમ પાર્કના સાઈકલ ટ્રેકમાં ફેરફાર

## સર્કલ નજીકના પટ્ટા પર કુચડો ફેરવાયો : માર્ગ સલામતીને ધ્યાને લઇ પોલીસતંત્ર દ્વારા ગુડાને સુચન કરવામાં આવ્યુ હતુ, જેને અનુલક્ષી ટ્રેકના રૂટમાં ફેરફાર કરાયો

ગાંધીનગર તા ૯

ગાંધીનગર શહેરમાં સાઈકલ ટ્રેકનો પ્રોજેકટ અમલી બનાવવાની તૈયારીઓ કરી દેવામાં આવી છે. જયારે સ્વર્ણિમ પાર્ક વિસ્તારમાં તૈયાર કરાયેલા સાઈકલ ટ્રેકના રૂટમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં સલામતીને ધ્યાને લઈ ઘ-૪ ના સર્કલ આસપાસના વિસ્તારમાં ટ્રેકને અનુલક્ષી કરવામાં આવેલા પીળા પટ્ટા પર કાળો કુચડો ફેરવી દેવામાં આવ્યો છે.

ગુડા દ્વારા શહેરમા સાઈકલ શેરીંગ પ્રોજેકટ શરૂ કરવા માટે તમામ પુર્વ તૈયારીઓ કરી દેવામાં આવી છે. જયારે સાઈકલ ટ્રેકને અનુલક્ષીને સેકટરોમાં વિવિધ ૧૦ ઠેકાણે સાઈકલ સ્ટેન્ડ પણ તૈયાર કરી દેવામાં આવ્યા છે. આ સાઈકલ સ્ટેન્ડ પરથી આમ નાગરિકોને સાઈકલની સવારી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. શરૂઆતના તબક્કે નગરજનોને ફ્રી સાઈકલ સવારીનો લાભ મળે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સાઈકલ શેરીંગ પ્રોજેકટને ધ્યાને લઈ તંત્ર દ્વારા અધ્યતન સાઈકલ પણ ખરીદવામાં આવી છે. જેમાં પ્રત્યેક સ્ટેન્ડ પર ૧૦ જેટલી સાઈકલ ઉપલબ્ધ થાય તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્ક ખાતે પણ સાઈકલ ટ્રેક તૈયાર કરી દેવામાં આવ્યો છે. થોડા સમય અગાઉ ટ્રેક તૈયાર કરવા માટે તંત્ર દ્વારા પીળા પટ્ટા તેમજ જરૂરી સાઈન બોર્ડ પણ લગાવી દેવામાં આવ્યા છે. જો કે ઘ-૪ના હાર્દસમા વિસ્તારમાં સ્વર્ણિમ પાર્ક અસ્તિત્વમાં આવ્યા બાદ ટ્રાફિકની દ્રષ્ટીએ અનેકવિધ સમસ્યાઓ ઉદભવી છે. જયારે તોતિંગ સર્કલ આસપાસ વાહન ચાલકોએ કઈ દિશામાં જવુ તેની પણ મુંઝવણ થતી હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે સાઈકલ ટ્રેક માટે તૈયાર કરાયેલા રૂટમાં પણ ફેરફાર કરવાની ફરજ પડી છે. માર્ગ વચાળે થી સાઈકલ ટ્રેક માટે પટ્ટા કરવામાં આવતા માર્ગ સલામતીની રીતે સમસ્યા ઉભી થાય તેવી સ્થિતિ હોવાથી જિલ્લા પોલીસ તંત્ર દ્વાર ગુડાને આ ટ્રેકમાં ફેરફાર કરવા માટે જાણ કરવામાં આવી હતી. જેના પગલે ગુડાએ માર્ગ મકાન વિભાગને જાણ કરવામાં આવતા સર્કલ વિસ્તારમાં અગાઉ કરવામાં આવેલા પીળા પટ્ટા પર કાળો કુચડો ફેરવી દેવામાં આવ્યો છે.

# સે-૨૯માં વર્ગ ચાર કર્મચારીઓ માટે સુવિધાયુકત ૪૨૦ મકાનો બનશે

## સાત મજલાના સાત બ્લોકમાં લીફટ, પાર્કીંગ, ઉભા રસોડા, લેન્ડ સ્કેપીંગ સહીતની સુવિધાઓ ઉભી કરાશે

ગાંધીનગર તા ૯

સે-૨૯માં બી કક્ષાના ૭ બ્લોકનુ નિર્માણ કરવામાં આવશે. વર્ગ ચારના કર્મચારીઓ માટે ૪૨૦ જેટલા સુવિધાયુકત મકાનો તૈયાર કરાશે જેની પાછળ રૂ ૬૭ કરોડના ખર્ચ કરવામાં આવશે. સાત મજલાના બિલ્ડીંગમાં ખાનગી સ્કીમ જેવી સઘળી સુવિધાઓ ઉભી કરવામાં આવશે. હાલના જ અને છ ટાઈપ કરતા આ મકાનો કર્મચારીઓ માટે રહેણાંકની દ્રષ્ટીએ વધુ સુવિધાયુકત અને મોટા પણ હશે.

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી પાડવામાં આવ્યા છે. જયારે નિકાલ હેઠળના મકાનોના સ્થાને નવા સરકારી મકાનો બાંધવાનુ કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. જેમાં સે-૭ અને સે-૨૯માં નવા બ્લોક બાંધવા માટે રૂ ૧૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે સે-૨૯માં બી કક્ષાના સાત બ્લોક બનાવાશે જે અન્વયે ૪૨૦ જેટલા મકાનોનુ નિર્માણ થશે. જ અને છ કક્ષાના સરકારી મકાનોમાં રહેતા વર્ગ ચાર કર્મચારીઓ માટે આ ખાસ સુવિધાયુક્ત આવાસો બાંધવામાં આવશે. વર્ગ ચાર કર્મચારીઓ માટે તૈયાર થતા આ આવાસોમાં વીટ્રીફાઈટ ટાઈલ્સ, લીફટ તેમજ ઉભુ રસોડુ પાર્કીંગ, તેમજ લેન્ડ સ્કેપીંગ સહીત ઈન્ટરનલ રોડની પણ સુવિધા કરવામાં આવશે. હાઈરાઈઝ બિલ્ડીંગને તમામ પ્રકારની સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે.શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો ખંડેર હાલતમાં છે. જયારે મોટાભાગના આવસો ભયજનક હાલતમાં હોવાથી સરકારી કર્મચારીઓને માથે સલામત છત નસીબ ન થતી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. ત્યારે વર્ષોના અંતે સરકારી આવાસો નવા બાંધવાનો નિર્ણય લેવાતા આગામી દિવસોમાં કર્મચારીઓને સુવિધાયુક્ત રહેણાંક નસીબ થશે. સે-૭માં પણ નવા આવાસો બાંધવાનુ કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

સેન્ટ્રલ વીસ્ટા મરામત - ગાંધીનગરમાં રોજબરોજ ક્યાંક રીપેરીંગ તો ક્યાંક નવીનીકરણ તો ક્યાંક સુવિધામાં વધારો કરવાની કામગીરી ચાલતી જ હોય છે... ચ-૩ સર્કલ પાસે મરામતની કામગીરી ચાલી રહી છે... જો કે તસવીર જોતા સેન્ટ્રલ વિસ્ટાનો વિસ્તાર વધારાઈ રહ્યો હોય તેમ જણાય છે...

# દહેગામ તાલુકામાંથી સ્વાઈન ફ્લુનો કેસ મળ્યો

## ૫૫ વર્ષીય મહિલા ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાંથી આજે એક સ્વાઈન ફ્લુ પોઝીટીવ મળતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. આ દર્દી સાથે હવે જિલ્લામાં સ્વાઈન-ફ્લુના કેસોની સંખ્યા ૭ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકાના વર્ધાના મુવાડા ગામની ૫૫ વર્ષીય મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવ્યો છે. તેણીની અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેની તબિયત ગંભીર બતાવવામાં આવી રહી છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના છેલ્લા એક મહિનાના ગાળામાં જ સાત કેસ સ્વાઈન ફ્લુ પોઝીટીવના મળતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. સાત પૈકી ૩ દર્દી સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે ૧ દર્દીનું મોત નીપજ્યું છે અને ૩ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે.

ગાંધીનગર, કલોલ અને હવે દહેગામ તાલુકામાંથી પણ સ્વાઈન-ફ્લુ પોઝીટીવનો કેસ મળતાં તંત્ર હચમચી જવા પામ્યુ છે. તંત્ર દ્વારા આ વખતે જન-જાગૃતિ અભિયાન હાથ ધરે તે પૂર્વે જ કેસો મળવાના શરૂ થતાં તે અટવાઈ જવા પામેલ છે.

તંત્ર દ્વારા દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. પણ કોઈ શંકાસ્પદ તાવ કે સાદા ફ્લુના કેસો મળ્યા નથી.

વારંવાર હવામાનમાં આવી રહેલા બદલાવને કારણે આ વખતે સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા વધી શકે તેવી રાજ્યકક્ષાએથી મળેલી ચેતવણી પછી પણ તંત્ર દ્વારા જન-જાગૃતિ કેળવવામાં દાખવવામાં આવેલી ઉદાસીનતાથી પ્રજામાં ભયનો માહોલ ઉભો થવા પામ્યો છે. જોકે તંત્રએ તબીબી અધિકારીઓને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા તાકીદ કરી છે.

# ગુજરાતને સ્પર્શતા કેન્દ્રમાં પડતર પ્રશ્નો અંગે આજે સાંસદોની બેઠક

ગાંધીનગર, તા. ૯

ગુજરાતના સાંસદ સભ્યોની ગાંધીનગર ખાતે બુધવારે સાંજે મળનારી બેઠકમાં ગુજરાતને સ્પર્શતા કેન્દ્રમાં પડતર પ્રશ્નો અંગેની માહિતી આપીને લોકસભામાં પડતર પ્રશ્નો અંગે રજુઆત કરવા અનુરોધ કરવામાં આવશે.

લોકસભાનું અંદાજપત્ર સત્ર ૨૩મીથી શરૂ થઈ રહ્યું છે. ત્યારે આવતીકાલે ગુજરાતને સ્પર્શતા કેન્દ્રમાં પડતર પ્રશ્નો અંગે મુખ્યમંત્રીના અધ્યક્ષપદે ગુજરાતના સાંસદોની એક મહત્વની બેઠક મળનાર છે.

આ બેઠકમાં સંસદસભ્યોને કયા કયા વિભાગોના કયા કયા પ્રશ્નો કેન્દ્રમાં કેટલા સમયથી પડતર છે આ પ્રશ્નો અંગે ગુજરાત સરકાર દ્વારા કેન્દ્ર સરકારમાં ક્યારે ક્યારે રજુઆતો કરવામાં આવી એ અંગેની વિગતો સાથેની એક પડતર પ્રશ્નોની પુસ્તિકા આપવામાં આવશે.

**૪૮ પ્રશ્નો કેન્દ્રમાં પડતર**

પ્રાપ્ત વિગતો મુજબ સંસદસભ્યોને ગુજરાતના આ પડતર પ્રશ્નોના ઉકેલ માટે લોકસભામાં યોગ્ય રજુઆત કરવા અને સંબંધીત મંત્રાલયોમાં પણ રજુઆતો કરીને આ પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે તેમની કક્ષાએથી મદદરૂપ થવા માટેનો અનુરોધ આ બેઠકમાં કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતને સ્પર્શતા ૪૮ જેટલા પ્રશ્નો કેન્દ્રમાં પડતર છે જેમાં કૃષિ વિભાગને લગતા પાંચ શિક્ષણ વિભાગને લગતા એક ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને સ્પર્શતા પાંચ ગૃહ વિભાગને લગતા બે ઉદ્યોગ અને ખાણ વિભાગને સ્પર્શતા સાત નર્મદા જળસંપતિ અને પાણી પુરવઠા વિભાગને સ્પર્શતા બે માર્ગ મકાન વિભાગને સ્પર્શતા ૯ અને વન પર્યાવરણ વિભાગને સ્પર્શતા ૫ ગ્રામ વિકાસને સ્પર્શતા ૪ પ્રશ્નોનો સમાવેશ થાય છે.

# મનપાની સામાન્ય સભા ૧૮મીએ મળશે

## સ્થાયી સમિતિએ મંજૂર કરેલુ બજેટ રજુ થશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા ૧૮મી ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ બપોરે ૩ વાગે મળશે.

મેયર શ્રીમતિ હંસાબેન મોદીના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજપત્ર સામાન્ય સભામાં તેની મંજૂરી માટે રજુ કરવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે કર-દરખાસ્તો સહિતની જોગવાઈઓ હોવાને કારણે ૨૦ ફેબ્રુઆરી પૂર્વે તેની બહાલી જરૂરી હોવાથી આ બેઠક ૧૮મી ફેબ્રુઆરીના રોજ બોલાવવામાં આવી છે. જો કે આ બજેટમાં નવી કોઈ કર દરખાસ્ત નથી પરંતુ શહેરની મિલ્કતોની આકારણીનો મુદ્દો હોવાથી બેઠક ૨૦મી પહેલા બોલાવવાનું જરૂરી જણાયું હોવાનું જાણવા મળેલ છે. મનપાની સ્થાયી સમિતિ સમક્ષ ડ્રાફ્ટ બજેટમાં સફાઈ ચાર્જમાં વધારો, વન ટાઈમ વ્હીકલટેક્ષ મળી રૂ. ૯.૧૦ કરોડની કર દરખાસ્તો કરવામાં આવી હતી પરંતુ સ્થાયી સમિતિએ તે નામંજૂર કરી હતી. જો કે સ્થાયી સમિતિએ મિલ્કતોની આકારણીની કામગીરી ૩૧ માર્ચ પહેલા સંપન્ન કરવા કરેલી તાકીદ પણ અગત્યની બની છે. ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી મે માં મુદત પુરી થઈ રહી છે ત્યારે આ બેઠક મહત્વની પુરવાર થશે તેમ રાજકીય નિરીક્ષકોનું માનવું છે.

# વિધાનસભામાં કોંગ્રેસ પ્રજાના પ્રશ્નોની ઉગ્ર રજુઆત કરશે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે મળેલ ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રીઓની બેઠક પૂર્ણ થયા બાદ પત્રકાર તથા મીડીયાના મિત્રોને સંબોધતા જણાવ્યું હતું કે, આગામી ૨૨મી ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજથી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર મળી રહ્યું છે. તેની તૈયારીના ભાગરૂપે ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રીઓની એક અગત્યની મીટીંગ બોલાવી હતી. આજની મીટીંગમાં વિધાનસભા ગૃહમાં પ્રજાના વણઉકલ્યા અને તાજેતરના પ્રશ્નોની ધારદાર ચર્ચા કરી શકાય તેવા મહત્વના મુદ્દાઓ ઉઠાવવામાં આવશે. ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષ, તાલાલા વિધાનસભા મતવિસ્તારના લોકલાડીલા ધારાસભ્ય સ્વ. જશુભાઈ બારડના દુઃખદ અવસાન અંગેનો શોક પ્રસ્તાવ કરી, તેઓના પરિવારજનને દિલસોજીનો શોકસંદેશ પાઠવશે.

શ્રી વાઘેલાએ જણાવ્યું હતું કે વિધાનસભામાં રાજયપાલશ્રીનું પ્રવચન, ભાજપના ભ્રષ્ટાચારના મુદ્દા, આર્થિક અનામત અંગે પ્રાઈવેટ મેમ્બર બીલ, સૌરાષ્ટ્રમાં પીવાના પાણી અને અછતના પ્રશ્નો, રાજ્યમાં કથળી ગયેલી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ, ગરીબ, આદિવાસી, દલિત, બક્ષીપંચ, અન્ય પછાત વર્ગ અને ગ્રામીણ તેમજ શહેરી પ્રજાને અસર કરતા મોંઘવારી સહીતના અનેક મુદ્દાઓને વિધાનસભા ગૃહમાં ઈસ્યુ બેઈઝ સ્ટ્રેટજી બનાવીને ઉઠાવીશુ. સંગઠન અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે બજેટ સત્ર અગાઉ વિવિધ સમાજો અને વિસ્તારોના પ્રશ્નો અંગે ચર્ચા-વિચારણા કરીને વિધાનસભા ગૃહમાં પ્રશ્નો રજુ કરવામાં આવશે. તાજેતરમાં ગુજરાત વિધાનસભા ગાંધીનગર ખાતે યોજાયેલ ઓલ ઈન્ડીયા સ્પીકર કોન્ફરન્સમાં લોકસભાના સ્પીકર શ્રીમતી સુમિત્રા મહાજનની ઉપસ્થિતિમાં દરેક રાજ્યોમાં વિધાનસભાનું સત્ર ૬૦ દિવસ બોલાવવું જોઈએ તેવો ઠરાવ કરેલ હોવા છતાં ગુજરાતની ભાજપ સરકારે તેમ નહી કરીને માત્ર ૨૮ બેઠકો અને ૨૬ દિવસનું સત્ર બોલાવેલ છે, જે ગત વિધાનસભાના બજેટ સત્ર કરતાં પણ એક દિવસ ઓછુ બોલાવીને પ્રજાના સામાજિક-આર્થિક પ્રશ્નોની રજૂઆતો અંગેનો અવકાશ ઘટાડ્યો છે. વિધાનસભાનું બજેટ સત્ર ઓછામાં ઓછુ ૪૦ દિવસનું કરવામાં આવે તેવી પણ ઉગ્ર રજૂઆત કરીશુ.

સદર મિટીંગમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ અને પૂર્વ વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ પણ ઉપસ્થિત રહી ધારાસભ્યશ્રીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com